**સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત નગરપાલિકાઓને નવા નગર સેવા સદનના બાંધકામ માટે / હયાત નગર સેવા સદનમાં વધારો/મરામત માટે રાજ્ય સહાયનાં ધોરણમાં વધારો કરવા બાબત.**

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સજય/૧૦૨૦૧૩/એસએફ-૬૮/ધ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૦/૧૨/૨૦૧૩

વંચાણે લીધોઃ-

(૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના બાબતે વિભાગનો તા. ૨૩/૮/૨૦૧૧નો ઠરાવ ક્રમાંકઃ સજય/૧૦૨૦૧૧/૪૧૪૪/ધ.

આમુખઃ-

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ નગરપાલિકાઓને લોકોપયોગી કામો માટે રાજ્ય સરકાર દ્વારા સહાય પૂરી પાડવામાં આવે છે. ઉપરોકત વંચાણમાં લીધેલ તા. ૨૩/૮/૨૦૧૧ના ઠરાવથી સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ઘટક-૪ અંતર્ગત નગરપાલિકાઓને નવા મકાનના બાંધકામ માટે તથા હયાત મકાનમાં વધારા અને મરામતના કામ માટે નગરપાલિકાની કક્ષા મુજબ રાજ્ય સહાયના ધોરણ નક્કી કરવામાં આવેલ છે. આ ધોરણો મુજબ નવા નગર સેવા સદન માટે રૂ. ૫૦ લાખથી ૧ કરોડ અને હયાત મકાનમાં વધારા અને મરામત માટે રૂ. ૨૫ લાખથી રૂ. ૫૦ લાખની સહાય મળવાપાત્ર છે. કાળજી પૂર્વકની વિચારણાના અંતે હવે આ બાબતે નીચે મુજબ નીતિ ઠરાવવામાં આવે છે.

ઠરાવઃ-

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત નગરપાલિકાઓને નવા નગર સેવા સદન માટે નગરપાલિકાની કક્ષા મુજબ નીચે મુજબ રાજ્ય સહાય મળવાપાત્ર થશે.

| નગરપાલિકાનો વર્ગ | નવા મકાનમાટે સહાય | |
|---|---|---|
| | જે નગરપાલિકા પાસે પોતાનું મકાન ન હોય | જે નગરપાલિકા પાસે ૩૦ વર્ષથી જુનું મકાન હોય |
| અ અને બ | રૂ. ૨.૦૦ કરોડ | |
| ક અને ડ | રૂ. ૧.૦૦ કરોડ | |

નગરપાલિકાઓને હયાત મકાનમાં વધારા / મરામત માટે તેમની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને રાજ્ય સહાય મળવાપાત્ર થશે, તે માટે નગરપાલિકાએ તાંત્રિક અંદાજ સહ વિધિસરની દરખાસ્ત કરવાની રહેશે.

આ ઠરાવની જોગવાઇઓ પશ્ચાદવર્તી અસરથી લાગુ પાડી શકાશે નહિ.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(એચ.કે.ઠાકર)
ઉપ સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

નકલ રવાના:-

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીના અગ્ર સચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય.
- માન. મંત્રીશ્રી (શ.વિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના ઉપ સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (હાઉસીંગ) શહેરી વિકાસના રહસ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, સર્વે શાખાઓ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત સરકાર, ગાંધીનગર. (સર્વે નગરપાલિકાઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ).
- પ્રાદેશિક નિયામકશ્રી, નગરપાલિકા ગુજરાત સરકાર, રાજકોટ.
- વહીવટી સંચાલકશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની, ગાંધીનગર.
- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત શહેરી વિકાસ મિશન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- ટ્રેઝરી ઓફિસરશ્રી, ગાંધીનગર ટ્રેઝરી, ગાંધીનગર.
- રોકડ શાખા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સીલેકટ ફાઇલ.